સમય સંદેશ

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૦૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સત્ય પર તમે ગમે તેટલા પડદા લગાવો, તે એક દિવસ નગ્ન થઈ જાય છે!




વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૩ ● તારીખઃ ૧૫.૦૯.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં મેઘમહેરઃ બંદરો પર ૩ નંબરનું સિગ્નલ અને ખેડૂતોમાં આનંદ






રાજ્યમાં સોમવારે મેઘરાજાની ભવ્ય પધરામણી થતાં ૨૫૦ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં ભાવનગરના વલ્લભીપુરમાં સૌથી વધુ છ ઈંચ અને જૂનાગઢના ભેસાણ પંથકમાં ૨ થી ૩ ઈંચ વરસાદથી નદી-નાળામાં નવા નીર આવ્યા છે. જામનગરમાં હળવાં ઝાપટાં તેમજ દ્વારકા જિલ્લાના ઓખામંડળ, કલ્યાણપુર અને ભાણવડ સહિતના વિસ્તારોમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ખેડૂતોમાં હરખ છવાયો છે. બીજી તરફ, અમદાવાદના બોપલમાં સામાન્ય વરસાદમાં પણ ડ્રેનેજની ખામીના લીધે રસ્તાઓ પાણીમાં ગરકાવ થતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. વરસાદી માહોલની સાથે જ સમુદ્રમાં ભારે પવન અને તોફાની હવામાનની આગાહીને પગલે ઓખા સહિતના બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને આગામી પાંચ દિવસ દરિયામાં ન જવાની તાકીદ કરાઈ છે.

# રાજ્યમાં ૨૫૦ તાલુકામાં મેઘમહેરઃ ભાવનગરમાં સૌથી વધુ ૬ ઈંચ વરસાદ

### અમદાવાદના બોપલમાં ડ્રેનેજ કામગીરી બાદ પણ પાણી ભરાયાઃ અમદાવાદ શહેર સહિત ૨૧ તાલુકામાં ૩ ઈંચથી વધુ ખાબક્યોઃ બોપલના સ્ટર્લિંગ સિટીમાં પોણા કલાકના વરસાદમાં રસ્તાઓ જળબંબાકાર થતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ

**સમય સંદેશઃ અમદાવાદ**

ગુજરાતના સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગઈકાલે સોમવારે મેઘરાજાએ ભવ્ય મહેરબાની કરી હતી. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા અનુસાર, રાજ્યના ૨૫૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ ભાવનગરના વલ્લભીપુરમાં ૫.૯૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત આણંદના બોરસદમાં ૫.૫૧ ઈંચ, વડોદરાના કરજણમાં ૪.૧૭ ઈંચ, મહેસાણાના કડીમાં ૪.૧૭ ઈંચ અને અમદાવાદના ધોળકામાં ૪.૧૩ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમદાવાદ શહેર તેમજ રાજ્યના અન્ય ૨૧ તાલુકામાં ૩ ઈંચથી વધુ અને કુલ ૪૮ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાતા સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો હતો.

બીજી તરફ, અમદાવાદના બોપલ સ્થિત સ્ટર્લિંગ સિટી વિસ્તારમાં માત્ર પોણા કલાકના સામાન્ય વરસાદમાં સેક્ટર-અ અને ઇના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પાણી મકાનોના ઓટલા સુધી પહોંચી જતાં સ્થાનિક રહીશોમાં ઘરોમાં પાણી ઘૂસી જવાની ભારે ભીતિ સેવાઈ રહી છે. અગાઉના વરસાદ બાદ આ વિસ્તારમાં ડ્રેનેજની નવી કામગીરી કરવામાં આવી હોવા છતાં, ફરીથી એ જ સ્થિતિ નિર્માણ પામતાં તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની અસરકારકતા સામે સ્થાનિકોમાં ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, ડ્રેનેજની ગટર પાઈપો નાખવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેની મુખ્ય ગટરો બંધ કરી દેવામાં આવી હતી. આ અંગે

અનુ પાના નં.૨ પર

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘરાજાની પધરામણીઃ બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયું અને માછીમારોને દરિયામાં ન જવા સૂચના

**લાંબા વિરામ બાદ હાલાર પંથકમાં વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં હરખ છવાયોઃ ખરાબ હવામાન અને તીવ્ર પવનની ચેતવણી વચ્ચે મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા બોટોને ટોકન આપવાનું બંધ કરાયું**

**સમય સંદેશઃ જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે લાંબા વિરામ બાદ મેઘરાજાનું પુનરાગમન થયું છે. ગણેશ ચતુર્થીના પાવન પર્વે ગણપતિ બાપાના આગમન સાથે જ મેઘરાજાએ કૃપા વરસાવતા સમગ્ર હાલાર પંથકમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. ગઈકાલે સાંજે ૪ વાગ્યા સુધીમાં જામનગર જિલ્લાના જોડિયા, કાલાવડ, જામજોધપુરમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યારે ધ્રોલમાં એક ઈંચ અને લાલપુરમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓખામંડળમાં ૯ મીમી, ખંભાળિયામાં ૩ મીમી તેમજ કલ્યાણપુર અને ભાણવડમાં એક-એક ઈંચ વરસાદ વરસ્યો હતો. દ્વારકા નગરીમાં પણ ધીમેધારે વરસાદનું આગમન થતાં ખેડૂતો અને સ્થાનિક રહીશોમાં રાહત અને હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી.

વરસાદી માહોલની વચ્ચે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરિયામાં ભારે પવન અને સમુદ્ર તોફાની રહેવાની આગામી ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ પવન અને ખરાબ હવામાનના સંકેતોને ધ્યાને રાખીને ગુજરાત મેરી ટાઈમ બોર્ડ (જીએમબી) દ્વારા ઓખા સહિત હાલારના બંદરો પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાડી દેવામાં આવ્યું છે. આ સાથે જ મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયામાં ન જવાની સખત તાકીદ કરવામાં આવી છે.

### જૂનાગઢના ભેસાણ પંથકમાં ધીમી ધારે બે થી ત્રણ ઈંચ વરસાદઃ નદી-નાળામાં નવા નીર આવતા ખેડૂતોમાં ખુશીની લહેર



**સમય સંદેશઃ જુનાગઢ (કાસમ હોથી દ્વારા)**

જૂનાગઢ જિલ્લાના ભેસાણ પંથકમાં આજે વહેલી સવારથી જ કાળાડીબાંગ વાદળો વચ્ચે વરસાદી માહોલ જામ્યો હતો. રાણપુર, છોડવાડી અને મેંદપરા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમી ધારે અનરાધાર વરસાદ તૂટી પડતાં અંદાજે બે થી ત્રણ ઈંચ જેટલું પાણી પડી ગયું હતું. આ ભારે વરસાદને કારણે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને નદી-નાળાઓમાં નવા નીરની આવક થઈ હતી. લાંબા સમય બાદ પડેલા આ યોગ્ય સમયના વરસાદથી સમગ્ર પંથકના વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી ગઈ છે અને પાકને નવું જીવન મળતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે ખુશીની લહેર જોવા મળી રહી છે.

### જામનગરમાં વનતારા થીમ આધારિત ટાઉનહોલ સર્કલનું લોકાર્પણઃ 'પીએમ ઈ-બસ સેવા' હેઠળ વધુ ૨૫ ઈલેક્ટ્રિક બસોનો પ્રારંભ

**સાંસદ પૂનમબેન માડમ અને મેયર મોનિકાબેન વ્યાસ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિકાસકાર્યો ખુલ્લા મુકાયાઃ વન્યજીવોના આકર્ષક શિલ્પોથી સર્કલને નવું રૂપ મળ્યું, શહેરમાં હવે કુલ ૫૦ ઈ-બસો દોડશે**






**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના હાર્દસમા ટાઉનહોલ સર્કલને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી એક નવી અને વિશિષ્ટ ઓળખ મળી છે. 'પીપીપી પ્રોજેક્ટ' અંતર્ગત કંપની દ્વારા સુંદર લેન્ડસ્કેપિંગ અને વન્યજીવોની 'વનતારા' થીમ સાથે આ સર્કલનું બ્યુટીફિકેશન કરવામાં આવ્યું છે. રવિવારે સાંસદ પૂનમબેન માડમ, મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી અને મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા સહિતના મહાનુભાવોની હાજરીમાં તેનું લોકાર્પણ યોજાયું હતું. રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ સર્કલમાં સિંહ, ચિતલ (હરણ), સારસ, વનરાજ અને અજગર જેવા વન્યજીવોના પ્રતિકાત્મક શિલ્પો મુકાયા છે. શહેરી વિકાસ સાથે પ્રકૃતિ અને વન્યજીવ સંરક્ષણનો સમન્વય સાધતા આ નવનિર્મિત સર્કલની જાળવણી (મેઈન્ટેનન્સ) પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જ કરવામાં આવશે.

આ ઉપરાંત, જામનગરના નાગરિકોને આધુનિક, સુરક્ષિત અને પર્યાવરણાનુકૂળ પરિવહન સેવા પૂરી પાડવાના હેતુથી કેન્દ્ર સરકારની 'પીએમ ઈ-બસ સેવા યોજના' હેઠળ વધુ ૨૫ ઈલેક્ટ્રિક બસોનો સાંસદ પૂનમબેન માડમના હસ્તે શુભારંભ કરાયો હતો. અગાઉથી કાર્યરત ૨૫ ઈ-બસો સાથે હવે શહેરમાં કુલ ૫૦ ઈ-બસો દોડતી થશે. મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કરાયેલા ૧૬ રૂટ થકી રેલવે સ્ટેશન, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો,


અનુ પાના નં.૨ પર

## ગાંધીનગર સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર બે આરોપીઓ બિહાર અને ઝારખંડથી ઝડપાયા

**દેશવ્યાપી થ્રેટ ઈ-મેઈલ નેટવર્કનો પર્દાફાશઃ ૫ લાખથી વધુ ડમી ઈ-મેઈલ આઈડીનું નેટવર્ક અને બાંગ્લાદેશી એન્ટી-નેશનલ તત્વો સાથે કનેક્શન ખુલ્યુંઃ ક્રિપ્ટો વોલેટ મારફતે કરોડોના ટ્રાન્ઝેક્શનની આશંકા**

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલય, વિધાનસભા અને સરકારી ભવનોને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવાના કેસમાં સાયબર ટીમે ટેકનિકલ એનાલિસિસના આધારે મોટી સફળતા મેળવી છે. ગત ૧૦ સપ્ટેમ્બરે સચિવાલયને મળેલી ધમકી બાદ હાથ ધરાયેલી તપાસમાં ઈ-મેઈલનું લોકેશન બિહારના ભાગલપુરમાં મળતાં ત્યાંથી રોશન કુમારની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની પૂછપરછમાં મળેલી કડીઓના આધારે ઝારખંડના દેવઘરથી મુખ્ય સૂત્રધાર



ગુલશન કુમાર સિંહને પણ ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસને આરોપીઓ પાસેથી ૫,૧૩,૮૪૭ યુનિક ઈ-મેઈલ આઈડી અને પાસવર્ડનું લિસ્ટ મળી આવ્યું છે, જેનો ઉપયોગ દેશભરમાં ધમકીભર્યા મેઈલ મોકલવા માટે થતો હતો. સાયબર સેલ ઓફ એક્સલન્સના એસપી વિવેક ભેડાના જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી ગુલશન કુમાર સિંહ વર્ષ ૨૦૨૨થી આ નેટવર્ક ચલાવતો હતો અને તેણે અત્યાર સુધીમાં ૫ લાખથી વધુ ગૂગલ ઈ-મેઈલ આઈડી, પાસવર્ડ તેમજ સીડ કોડ તૈયાર કરીને

અનુ પાના નં.૨ પર



## અંબાણી પરિવારે ગણપતિ બાપ્પાનું ભવ્ય સ્વાગત કર્યું

**રાધિકા મર્ચન્ટ અંબાણી ભાણેજ સાથે બાપ્પાના દર્શને પહોંચ્યા**

**સમય સંદેશઃ મુંબઈ**

અંબાણી પરિવાર દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવની ખૂબ જ ધામધૂમ અને ભવ્ય રીતે ઉજવણી કરી રહ્યો છે. ગણેશ ચતુર્થીના પાવન પર્વે અંબાણી પરિવારે પોતાના નિવાસ્થાને ગણપતિ બાપ્પાનું અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. બાપ્પાના આગમન અને સ્થાપન પ્રસંગે પરિવારના સભ્યો દર્શનાર્થે એકઠા થયા હતા. આ ખાસ અવસરે રાધિકા મર્ચન્ટ પોતાના નાના ભાણેજને પ્રેમથી ખોળામાં લઈને ગણપતિ બાપ્પાના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. રાધિકા મર્ચન્ટની સાથે અનંત અંબાણી પણ હાજર રહ્યા હતા. સમગ્ર પરિવારે ભક્તિમય માહોલમાં વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીના આશીર્વાદ મેળવીને ગણેશોત્સવનો પ્રારંભ કર્યો હતો.


## તંત્રી સ્થાનેથી..

### ‘હીમાવન’નની ચેતવણી !

૧૯૭૯ માં, ગુજરાતના મચ્છુ નદી પરનો મચ્છુ-૨ ડેમ તૂટી પડયો, જેમાં મોરબી અને તેની આસપાસ ૨૫,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા. ૧૫ મિનિટમાં ડેમ તૂટી ગયો અને એ ૧૫ મિનિટમાં, મોરબી ૩૦ ફૂટ પાણીથી ભરાઈ ગયું. મોરબીના ઘણા વિસ્તારો ૨૦ ફૂટ પાણીમાં ડૂબી ગયા હતા, જે પરિસ્થિતિ આગામી છ કલાક સુધી ચાલુ રહી હતી તે સહુ જાણે છે. આવી જ એક ઘટના ૪ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ બની હતી, જ્યારે સિક્કિમમાં ૧૭,૧૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત દક્ષિણ લોનાક ગ્લેશિયર તળાવ તૂટી પડ્યું હતું. સિક્કિમ સરકાર તે દિવસે વાદળ ફાટવાને કારણે આ ભંગાણ થયું હતું એમ કહેતી હતી, પરંતુ પછીથી વૈજ્ઞાનિકો કહે છે કે તળાવે ૨૦૨૧ ની શરૂઆતમાં જ તેના ભંગાણની આગાહી કરી હતી. દાયકાઓથી બનેલું આ તળાવ વાર્ષિક ધોરણે વિસ્તરી રહ્યું હતું. ભારે વરસાદ દરમિયાન અચાનક ફાટી ગયેલી દિવાલ આશરે ૧૬.૩ મીટર ઊંચી હતી. એ ભંગાણ પહેલાં, તળાવ લગભગ ૧૬૮ હેક્ટરમાં ફેલાયેલું હતું. ડેમનો ૧૦૦ હેક્ટરનો ભાગ તૂટી પડયો. તળાવમાં ભંગાણ બાદ, પાણી, બરફ અને કાદવ ૬૨ કિમી દૂર ચુંગથાંગ ડેમમાં વહેતા થયા, જે ૧,૨૦૦-મેગાવોટ સ્ટેજ ૩ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો ભાગ છે. તે ૨૦૧૭ માં કાર્યરત થયું હતું જેની ઊંચાઈ ૮૧૭ મીટર હતી. ચુંગથાંગ ડેમ, પાણી, કાટમાળ અને વજનનો જથ્થો સહન કરવામાં અસમર્થ, ૪ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ તૂટી પડયો. પરિણામે, તિસ્તા નદીનું પાણીનું સ્તર ૧૫ થી ૨૦ મીટર વધ્યું. અચાનક પૂરમાં ૭૪ થી વધુ લોકોના મોત થયા, ઘણા લોકો ગુમ થયા. ઘણા જિલ્લાઓમાં મિલકતને ભારે નુકસાન થયું. ચુંગથાંગ ડેમ દુર્ઘટનાની નેપાળમાં તાજેતરની ઘટનાઓ સાથેની સરખામણી દર્શાવે છે કે અત્યંત ભૂકંપની રીતે સક્રિય હિમાલયમાં ગ્લેશિયર-જમા થયેલા હોટસ્પોટ્સમાં મોટા બંધ ન બનાવવા જોઈએ. ઉત્તરાખંડ અને ગઢવાલમાં ડેમ ગ્લેશિયર-સંગ્રહિત નદીઓ પર સ્થિત છે. ડેમ ભૂકંપ અને ભૂસ્ખલનનું કારણ પણ બની શકે છે. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ, ઉત્તરાખંડમાં, ભારત-તિબેટ સરહદ પર નીતિ ખીણમાં રેની ગામ નજીક, ચમોલીમાં નંદા દેવી પાર્કના મુખ્ય ક્ષેત્રમાં શિયાળામાં ૫૬૦૦ મીટર પર એક લટકતો બરફનો પર્વતખંડ અણધારી રીતે તૂટી ગયો.આના કારણે ષિગંગા અને ધૌલીગંગા નદીઓમાં ભયંકર પૂર આવ્યું. લગભગ બસો લોકો મૃત્યુ પામ્યા અથવા ગુમ થયા. અચાનક પૂરમાં, કોઈ પણ ડેમ - પાણી અને કાટમાળના ભારે દબાણ હેઠળ તૂટી પડે છે.



## હાલારના હાલહવાલ



# પિંડારામાં શ્રાવણી અમાવસ્યાએ અખાડો જામ્યો મલ્લોએ બતાવ્યું કૌવતઃ લોકો ઉમટી પડયા





**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના પિંડારા ગામે શ્રાવણી અમાવસ્યાના પાવન પર્વ નિમિત્તે વર્ષો જૂની પરંપરા મુજબ મલ્લ કુસ્તી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરંપરાગત મેળામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા, કલ્યાણપુર, ખંભાળિયા અને ભાણવડ તાલુકા ઉપરાંત જામનગર અને પોરબંદર જિલ્લામાંથી આવેલા મલ્લોએ અખાડામાં ઉતરી પોતાની કુસ્તીની કળા અને તાકાતનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. અખાડામાં મલ્લો વચ્ચે જામી પડેલી રસાકસી અને વિવિધ દાવપેચે હાજર દર્શકોને રોમાંચિત કર્યા હતા, અને સમગ્ર પિંડારા ગામ સહિત આસપાસના વિસ્તારમાંથી ઉમટી પડેલા લોકોએ તાળીઓના ગડગડાટ સાથે કુસ્તીબાજોનો ઉત્સાહ વધાર્યો હતો.

મલ્લ કુસ્તી મેળાની સાથે સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓએ સમગ્ર આયોજનમાં અનોખી રંગત ઉમેરી હતી. આ ધાર્મિક અને પરંપરાગત ઉત્સવમાં ગ્રામજનો અને આસપાસના ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રાવણી અમાવસ્યાના પર્વે યોજાયેલા આ મેળામાં એક તરફ વિવિધ જિલ્લાના મલ્લોએ પોતાની શક્તિ અને કૌશલ્યનો પરચો આપ્યો હતો, તો બીજી તરફ સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર પિંડારા ગામમાં ઉત્સવમય માહોલ છવાઈ ગયો હતો.

# દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈઃ ૩.૪૬ કરોડનાં હુકમો કરાયા



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લાની તમામ અદાલતોમાં તૃતીય રાષ્ટ્રીય લોક અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં અદાલતમાં પેન્ડિંગ હોય તેવા સમાધાન લાયક સિવિલ અને ફોજદારી કેસો પૈકી કુલ ૮૪૪૧ કેસો મૂકવામાં આવ્યા હતા, જેમાંથી ૧૫૫૪ કેસોનો સુખદ સમાધાન દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો. આ નિકાલ પામેલા કેસોમાં કુલ રૂ. ૨,૭૪,૪૪,૩૧૦ ના હુકમો કરવામાં આવ્યા હતા, જેનાથી અનેક અરજદારોને ઝડપી અને બિનખર્ચાળ ન્યાય મળ્યો હતો.

આ ઉપરાંત, અદાલતી કાર્યવાહી પહેલાંના વિવાદો ઉકેલવા માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરાયું હતું, જેમાં વીજ કંપનીના બાકી લેણાં, ટ્રાફિક ચલણ, બેંક રિકવરી અને વૈવાહિક તકરારને લગતા કુલ ૨૪૭૦ કેસો રજૂ કરાયા હતા. તેમાંથી ૧૪૦૫ કેસોનો રૂ. ૬૮,૬૪,૯૭૫ ની રકમ સાથે સમાધાનકારી ઉકેલ લાવવામાં આવ્યો હતો. તાલુકાવાર કામગીરીમાં કલ્યાણપુરમાં ૩૪૦, ઓખામાં ૩૨૦, ભાણવડમાં ૧૦૨ અને દ્વારકા તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા ૨૯૫ કેસોનો ફેંસલો કરાયો હતો. આમ, સમગ્ર રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ ૨૯૫૯ કેસોનો નિકાલ થયો હોવાનું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવે જણાવ્યું હતું.

# લોકમેળા તથા ગણેશ ઉત્સવને અનુલક્ષીને ખંભાળીયામાં પોલીસ તંત્ર દ્વારા ખાસ બેઠક યોજાઈ



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરમાં સોમવાર તા. ૧૪ થી ચાર દિવસના પરંપરાગત શિરેશ્વર લોકમેળા તથા ગણેશ મહોત્સવ પર્વનો પ્રારંભ થનાર છે. ત્યારે આ બાબતને ધ્યાનમાં લઈને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ ખંભાળિયા વિસ્તારના ડીવાયએસપી મીત રુદલાલના વડપણ હેઠળ ખંભાળિયા પોલીસ મથક ખાતે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં હિન્દુ ધર્મના તથા મુસ્લિમ સમુદાયના આગેવાનો વિગેરેની ખાસ ઉપસ્થિતિમાં વિવિધ ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. જેમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેરનામાનું પાલન થાય તે સહિતના મુદ્દે વિગતવાર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી ગણેશ મહોત્સવને અનુલક્ષીને દ્વારકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાંતિ સમિતિની એક બેઠક દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ચક્કર આવતા પટકાયેલ યુવકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના બાવાવાડ, પવનચક્કી, દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા રાહુલભાઈ જગદીશભાઈ ચિતરા નામનો ૩૫ વર્ષીય યુવાન તા.૧૨ સપ્ટેમ્બરના સાંજના આશરે પાંચ વાગ્યાના સમયે નવાગામ સીમમાં આવેલી ખાનગી કંપનીના બી.કે.કે.ટી.એસ. કંપનીના સ્ટોરરૂમ ખાતે પહોંચતા અચાનક ચક્કર આવ્યા બાદ તે જમીન પર ઢળી પડ્યો હતો.

આથી તરત જ સારવાર અર્થે હોસ્પિટલ કંપનીના મેડિકલ સેન્ટર ખાતે લઇ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તપાસી રાહુલભાઈનું મોત થયાનું જાહેર કર્યું હતું. આ બનાવ મામલે રણજીતનગરમાં રહેતા મિલનકુમાર વાલજીભાઈ અંટોળાએ મેઘપર-પડાણા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# મીઠાપુરનાં આરંભડા ગામે યુવાન પર હુમલો કરી મારી નાંખવાની ધમકી

**સમય સંદેશઃ ઓખા**

ઓખા મંડળના મીઠાપુર તાબેના આરંભડા ગામે રહેતા વેજાભાઈ રામાભાઈ ચાસીયા નામના ૨૬ વર્ષના અનુસૂચિત જાતિના યુવાન શનિવારે વહેલી સવારે પોતાના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે કૃષ્ણનગર તરફ જતા રસ્તે આરોપી ભરતભા પોલાભા હિન્દુ વાઘેર, હક્કુભા હિન્દુ વાઘેર અને ફૈઝલ મુસ્લિમ નામના ત્રણ શખ્સોએ પોતાની મોટરસાયકલ વડે ફરિયાદી વેજાભાઈના વાહનનો પાછળથી ઠોકર મારી, તેમને નીચે પાડી દીધા હતા.

આ પછી આરોપીઓએ એકસંપ કરી, તેમનો કાંઠલો પકડી તેમને કહેલ કે ‘‘તું મને ઓળખે છે ?’’ તેમ કહીને ભરતભા પોલાભાએ અન્ય આરોપી હક્કુભા અને ફૈઝલને પકડી રાખવાનું કહ્યું હતું. આ પછી તેણે ફરિયાદીનો મોબાઈલ ફોન ખિસ્સામાંથી લઈને ભરતભાએ ફરિયાદી વેજાભાઈને કહ્યું હતું કે ‘‘મારે તારો ફોન ચેક કરવો છે. તું પત્ની સાથે વાતો કરે છે અને ચીટીંગ કરે છે’’- તેમ કહી, બિભત્સ ગાળો ભાંડી હતી.

આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદીને જાતિ પ્રત્યે અપમાનિત કરી, એકબીજાની મદદગારી કરી અને તલવાર બતાવી લોખંડના પાઇપ વડે આડેધડ માર મારતા ફરિયાદી નાસી છૂટવા લાગ્યો હતો. આ પ્રકરણમાં આરોપીઓએ ફરિયાદીના મોબાઈલ ફોનની લૂંટ ચલાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, બેફામ માર માર્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

આ સમગ્ર પ્રકરણ સંદર્ભે મીઠાપુર પોલીસે તમામ ત્રણ આરોપીઓ સામે બી.એન.એસ. તથા એટ્રોસિટી અને જી.પી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# દ્વારકા હાઈવે પર કાર ચાલકની બેદરકારીથી બાઈક અકસ્માતઃ ત્રણ યુવાનોને ઈજા

**સમય સંદેશઃ દ્વારકા**

ગત તારીખ ૫ ના રોજ દ્વારકા-પોરબંદર હાઈવે પર ઓખા મઢી ટોલનાકાથી થોડે દૂર સર્જાયેલા અકસ્માતમાં જી.જે. ૧૦ .એમ. ૭૮૭૮ નંબરની કિયા કારના ચાલકે અકસ્માત થાય તે રીતે અડચણરૂપ પોતાનું વાહન રાખ્યું હતું. જે દરમિયાન આ માર્ગ પર મોટરસાયકલ નંબર જી.જે. ૧૧ સી.આર. ૩૬૦૦ પર બેસીને જઈ રહેલા વંશ કિશોરભાઈ સોલંકી અને તેની સાથે જઈ રહેલા ક્રિશ અજયભાઈ સોલંકીને ફ્રેક્ચર સહિતની નાની-મોટી ઇજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

જ્યારે અન્ય એક યુવાન કનીસ રવિભાઈ સોલંકીને હેમરેજ જેવી ગંભીર ઈજાઓ થતા વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે કિશોરભાઈ નવીનભાઈ સોલંકીની ફરિયાદના આધારે દ્વારકા પોલીસ મથકે કારમાં ચાલક સામે બી.એન.એસ. અને એમ.વી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે કારચાલકની ઓળખ કરી, વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અનુસંધાન

### સગીરની હત્યા કેસ

(પાના નં. ૪ થી આગળ)

બાળકની નિર્મમ હત્યાના સન્સનીખેજ બનાવમાં પંચકોશી ’બી’ ડિવિઝન પોલીસે ત્વરિત અને સઘન કામગીરી કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચકચારી હત્યા કેસમાં સંકળાયેલા ચાર આરોપીઓની પોલીસે અટકાયત કરી લીધી છે અને તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને તેમને જેલ હવાલે કરવાની આગળની કાનૂની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

### ભાણવડનાં ગરાસ

(પાના નં. ૪ થી આગળ)

કિંમતના ૩ મોટરસાયકલ મળી કુલ રૂ. ૨,૪૨,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પીઆઈ વી.કે. કોઠીયા, પીએસઆઈ એલ.એમ. પુરોહિત તથા સ્ટાફના કિશોરસિંહ જાડેજા, નારણભાઇ બેલા, જયદેવસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, જીતુભાઇ જામ, વિપુલભાઇ અને લાલાભાઇ ખાટલીયા સહિતની ટીમે આ સફળ કામગીરી પાર પાડી હતી.

### જામનગરમાંથી જુગાર

(પાના નં. ૪ થી આગળ)

સામે અગાઉ પણ જુગાર અને પ્રોહિબિશન સહિતના ગુનાઓ નોંધાયેલા છે. જીતેન્દ્રસિંહ રાઠોડ સામે અલગ-અલગ પોલીસ મથકોમાં જુગાર તથા પ્રોહિબિશનના કુલ ૧૮ ગુના, જ્યારે બીપીન ઉર્ફે લાકડી મુછડીયા સામે ૪૧ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. વિશાલ પરીયાણી સામે જુગાર, પ્રોહિબિશન અને મારામારી સહિતના ૬ ગુના નોંધાયેલા છે, જ્યારે ડાડુભાઇ ભાટીયા સામે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ મથકોમાં જુગારના ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે.

### દુકાનમાં ધોકાવાળી

(પાના નં. ૪ થી આગળ)

બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ અંગે સાગરભાઈ ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે નિમીષ ઉર્ફે કારાજી, રઈશ ઉર્ફે સલીમ તથા ત્રણ અજાણ્યા શખ્સો સામે પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### પોલીસકર્મી સસ્પેન્ડ

(પાના નં. ૩ થી આગળ)

મેળવી શકાય અને સત્યતા બહાર આવી શકે. જિલ્લા પોલીસ વડાએ પોલીસ ફરજમાં ગંભીર બેદરકારી, શિસ્તભંગ અને ગેરરીતિ દાખવવા સબબ ૧૧૨ વાનમાં ફરજ બજાવતા એએસઆઈ અને નરેશભાઈ પોલીસ પરમાર કોન્સ્ટેબલ મીતરાજસિંહ જાડેજાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે.

### આર્મી એરીયામા

(પાના નં. ૩ થી આગળ)

સુબેદારે આ અંગે ઇન્ચાર્જ મેજર એમ.કે. સિંઘને જાણ કર્યા બાદ, તેમના આદેશથી ઓથોરિટી લેટર સાથે સીટી ’એ’ ડિવિઝન પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### મેઘમહેર

(પાના નં. ૧ થી આગળ)

કામગીરી વખતે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર કે કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું ન હતું. વરસાદ બાદ ગટરના ઢાંકણા માત્ર થોડા ઊંચા કરીને કામચલાઉ નિપટારો કરવાનો પ્રયાસ કરાતો હોવાનો આક્ષેપ પણ રહીશોએ કર્યો છે, જેના કારણે ચોમાસા દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યા યથાવત રહી છે.

સ્ટર્લિંગ સિટી સેક્ટર-અ અને ઇ વચ્ચેનો રોડ થલતેજ અને બોડકદેવ વોર્ડની હદને અલગ કરતો હોવાથી, પાણી નિકાલની કામગીરીમાં બંને વોર્ડ એકબીજા પર જવાબદારી ઢોળતા હોવાનો દાવો કરાયો છે. આથી, શ્યામ બંગલો અને સ્ટર્લિંગ સિટીના સ્થાનિકોએ માંગ કરી છે કે બંને વોર્ડના જવાબદાર કોર્પોરેટરો અને અધિકારીઓ સ્થળ પર રૂબરૂ મુલાકાત લે અને પાણીના ઝડપી નિકાલ માટે માત્ર તાત્કાલિક નહીં પરંતુ કાયમી અને નક્કર ઉકેલ લાવે.

### ગાંધીનગર સચિવાલય

(પાના નં. ૧ થી આગળ)

વેચ્યા હતા. માત્ર છેલ્લા બે દિવસમાં જ તેણે ૧૪ હજારથી વધુ નવા આઈડી બનાવ્યા હતા. ૧૦ સપ્ટેમ્બરે સચિવાલયને ધમકી આપવા માટે ઉપયોગમાં લેવાયેલું આઈડી પણ ગુલશનની શીટમાંથી મળી આવ્યું હતું, જેનો ઉપયોગ કરીને રોશન કુમારે બિહારથી મેઈલ મોકલ્યો હતો. આ સિવાય, ગુલશનના સંપર્કો બાંગ્લાદેશના એન્ટી-નેશનલ તત્વો સાથે હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી બે ક્રિપ્ટો વોલેટ મળી આવ્યા છે, જેમાં કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો થયા હોવાનુ સામે આવ્યું છે. ગુલશન આ ડમી ઈ-મેઈલ આઈડી બાંગ્લાદેશમાં મોકલતો હતો અને તેના બદલામાં તેને USDT મારફતે ક્રિપ્ટો પેમેન્ટ મળતું હતું. હાલ ગાંધીનગર પોલીસ, બિહાર અને ઝારખંડ પોલીસના સહયોગથી આગળની કાનૂની કાર્યવાહી કરી રહી છે. સાયબર સેલ હવે સમગ્ર ભારતમાં અગાઉ આવેલા બોમ્બ થ્રેટ મેઈલનો ડેટા મંગાવીને આ નેટવર્કની ભૂમિકાની તપાસ કરશે તેમજ આ વિગતો અન્ય લો-એન્ફોર્સમેન્ટ એજન્સીઓ સાથે પણ શેર કરવામાં આવશે.

### સર્કલનું લોકાર્પણઃ

(પાના નં. ૧ થી આગળ)

રહેણાંક વિસ્તારો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોનું સીધું જોડાણ મળશે. આ ઈ-બસો શરૂ થવાથી વાયુ અને ધ્વનિ પ્રદૂષણમાં ઘટાડો થશે તથા ટ્રાફિકનું ભારણ હળવું બનશે, જે જામનગરના આધુનિકીકરણ અને પર્યાવરણલક્ષી વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# જામજોધપુરના હોથીજી ખડબા ગામે જુગાર દરોડોઃ પાંચ બાજીગરો ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરના પોલીસે હોથીજી ખડબા ગામે કાળેશ્વર મહાદેવ મંદિર નજીક વડના ઝાડ નીચે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા આનંદભાઈ ખીમજીભાઈ ડાંગર, દીવ્યેશભાઈ સવદાસભાઈ બારડ, સુરેશભાઈ જગાભાઈ ડાંગર, કમલેશપરી લાલપરી ગોસ્વામી અને મહેશભાઈ સોમાભાઈ કરંગીયા સહિત ૫ શખ્સોને પોલીસે ઝડપી પાડયા હતા. પોલીસે સ્થળ પરથી રૂા.૧૦૫૪૦ રોકડ અને ગંજીપાના જપ્ત કર્યા હતા. પાંચેય સામે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# જોડિયાના બાંગા દરિયા કિનારેથી અજાણ્યો મૃતદેહ મળ્યો, જામનગરમાં શ્રમિકનું મશીનમાં હાથ આવી જતાં મોત અને દ્વારકામાં પરિણીતાનો આપઘાત

## દ્વારકામાં પતિએ વાત કરવાની ના પાડતા પત્નીએ એસિડ પીને જિંદગી ટૂંકાવીઃ ચેલા ગામે કારખાનામાં મશીન રોલરમાં ફસાઈ જતાં બિહારના યુવાન શ્રમિકે સારવાર દરમિયાન દમ તોડ્યો

**સમય સંદેશઃ જોડિયા**


જોડિયા તાલુકાના બાંગા દરિયાકિનારે ચોંગલે કંપનીના વિસ્તારમાંથી એક અજાણ્યા પુરુષનો અત્યંત કોહવાયેલી અને ઓળખી ન શકાય તેવી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. કંપનીના વન બી પંપ હાઉસ નજીક પાળા પાસેથી દરિયાઈ ભરતીના પાણીમાં તણાઈને આવેલી આ લાશ નગ્ન હાલતમાં મળી આવી હતી. બનાવ અંગે જોડિયા પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તેની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે. આ વર્ણન ધરાવતી ગુમશુદા વ્યક્તિ અંગે જાણકારી હોય તો નાગરિકોને જોડિયા પોલીસ સ્ટેશનના મોબાઈલ નંબર ૬૩૫૯૬ ૨૭૮૧૧ પર તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે.

બીજી તરફ, જામનગર તાલુકાના ચેલા ગામ નજીક આવેલ વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ’ઈન્ડિયન બ્રાસ’ નામના કારખાનામાં કામ કરતી વખતે શ્રમિક યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે. બિહારના વતની અને હાલ ચેલા રહેતા ૨૦ વર્ષીય રહીશકુમાર સંતોષપાલ નામના યુવક ડ્રો મશીનમાં બ્રાસના સળિયા નાખતા હતા, ત્યારે અચાનક તેમનો શર્ટ મશીનમાં આવી જતાં ડાબા હાથથી છાતી સુધીનો ભાગ ગંભીર રીતે કપાઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત, દેવભૂમિ દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતા ધીબાઈ નંઢાભા માણેકે પોતાના ઘરે એસિડ પી લેતા તેમનું મોત નીપજ્યું છે. મૃતક પરિણીતાને પોતાના પતિ સાથે વાતચીત કરવી હતી, પરંતુ કામના લીધે થાકેલા પતિએ સવારે વાત કરીશું તેમ કહી સૂઈ જતાં પરિણીતાને માઠું લાગી આવ્યું હતું. મનમાં લાગી આવતાં તેણે ઘરમાં શૌચાલયમાં જઈ એસિડ ગટગટાવી લીધું હતું, ત્યારબાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું. બનાવ અંગે મૃતકના માતા સીતાબેને દ્વારકા પોલીસને જાણ કરતાં પોલીસે આગળની તપાસ ધરી છે.

# હાલારમાં ગણેશોત્સવનો ભવ્ય પ્રારંભઃ વિવિધ પંડાલો અને મોદક સ્પર્ધા બન્યા આકર્ષણનું કેન્દ્ર

## સપડાના સિદ્ધિ વિનાયક મંદિરે મંગળા આરતી માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુંઃ બેડીગેટ પાસે ૭૨ ફૂટ લાંબા શેષનાગ પર બિરાજમાન શ્રી રંગનાથ સ્વામી અને સૂર્યનારાયણ સ્વરૂપે ગણેશજીની પધરામણી


તસવીરઃ હિરેન ગાંધી






બાપાની પધરામણી











સપડા પદયાત્રા















મોદક સ્પર્ધા

**સમય સંદેશઃ જામનગર/દ્વારકા**

જામનગર શહેર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં વિઘ્નહર્તા દેવ શ્રી ગણેશજીના મહાપર્વ ગણેશોત્સવની ભક્તિમય અને ઉત્સાહભેર ઉજવણીનો પ્રારંભ થયો છે. ખંભાળિયામાં રામનાથ સોસાયટી, નવાપરા, જૂની લોહાણા મહાજન વાડી, ઝવેરી બજાર અને સતવારા વાડ સહિતના વિસ્તારોમાં વિશાળ અને રોશનીસભર પંડાલોમાં ગણેશ સ્થાપન કરવામાં આવ્યું છે, જ્યારે અનેક નાગરિકોએ પોતપોતાના ઘરોમાં પણ ૩, ૫ કે ૭ દિવસ માટે શ્રીજીની સ્થાપના કરી છે. જામનગરમાં ૮૮ વર્ષ જૂની પરંપરા જાળવી મરાઠી પરિવારો દ્વારા ગણેશ સ્થાપન કરાયું છે, તેમજ ચાંદી બજારમાં મરાઠા મંડળ દ્વારા ૪૧મા વર્ષે સૂર્યનારાયણ સ્વરૂપે અને કડિયા બજાર-બેડીગેટ પાસે મહારાષ્ટ્રના તુલજા ભવાની મંદિરના પ્રવેશદ્વારની પ્રતિકૃતિ સમાન પંડાલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગોપી તળાવની માટીમાંથી બનેલી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ તેમજ બેડીગેટ પાસે ૪૧ દિવસની મહેનતે તૈયાર કરાયેલા ૭૨ ફૂટ લાંબા શેષનાગ પર બિરાજમાન શ્રી રંગનાથ સ્વામીના સ્વરૂપમાં ગણેશજીના દર્શન મુખ્ય આકર્ષણ બન્યા છે, જ્યાં ખાટુશ્યામજી અને સાલાસર બાલાજીના પણ દર્શન થઈ શકશે. સમગ્ર જામનગરમાં ૨૦૦થી વધુ સ્થળોએ સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન કરાયું છે.

ગણેશ ચતુર્થીના પાવન પર્વે જામનગર નજીક આવેલા પ્રખ્યાત સપડા સ્થિત સિદ્ધિ વિનાયક મંદિરે મંગળા આરતી માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. જામનગરથી આશરે ૩,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ૧૮ કિલોમીટર પગપાળા ચાલીને બાપ્પાના દર્શનાર્થે પહોંચ્યા હતા. બીજી તરફ, જામનગરમાં બ્રહ્મ સોશિયલ ગ્રુપ દ્વારા સતત ૧૮મા વર્ષે 'ઓપન સૌરાષ્ટ્ર મોદક આરોગ્ય સ્પર્ધા'નું આયોજન કરાયું હતું. મહિલા, સિનિયર સિટીઝન, યુવા અને બાળ વિભાગ એમ ચાર કેટેગરીમાં કુલ ૪૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ વખતે સમયમર્યાદા ૩૦ મિનિટથી ઘટાડીને ૧૫ મિનિટ રાખવામાં આવી હોવા છતાં, શુદ્ધ ઘી અને ડ્રાયફ્રૂટ્સથી બનેલા ૧૦૦-૧૦૦ ગ્રામના લાડુ આરોગવામાં ઉત્સાહ જોવા મળ્યો હતો. મહિલા વિભાગમાં પદ્મિનીબેન ગજેરાએ ૧૫ લાડુ ખાઈને (ચિઠ્ઠી દ્વારા) પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે યુવા વિભાગમાં જગદીશભાઈ દવે (૯ લાડુ), સિનિયર સિટીઝન વિભાગમાં ગંભીરસિંહ વાળા (૧૨ લાડુ) અને બાળ વિભાગમાં વ્યોમ વ્યાસે (૭ લાડુ) વિજેતા બન્યા હતા. વિજેતા પદ્મિનીબેને સતત ૧૧મા વર્ષે પ્રથમ ક્રમ જાળવી રાખ્યો હતો અને તેમના પરિવારની ત્રણ પેઢીએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ મથકે ડીજે સંચાલકો સાથે બેઠકઃ ગણેશોત્સવમાં અશ્લીલ ગીતો ન વગાડવા અને અફવા ન ફેલાવવા પીઆઈ ડોડીયાની સૂચના


તસવીરઃ હિરેન ગાંધી

જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે આગામી ગણેશ મહોત્સવ સહિતના તહેવારોને ધ્યાને રાખીને પીઆઈ વી.એમ. ડોડીયાની અધ્યક્ષતામાં વિસ્તારના ડીજે સંચાલકો સાથે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મોટી સંખ્યામાં ડીજે સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. તહેવારો દરમિયાન શહેરમાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે, ધાર્મિકતા જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્રઢ રહે તે માટે પોલીસે સંચાલકો તેમજ ઉત્સવના આયોજકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠક દરમિયાન પીઆઈ વી.એમ. ડોડીયાએ ડીજે સંચાલકોને ખાસ તાકીદ કરી હતી કે ડીજે પર કોઈ પણ પ્રકારના અશ્લીલ અથવા કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવા ગીતો વગાડવા નહીં. આ ઉપરાંત, તહેવાર દરમિયાન સાઉન્ડ સિસ્ટમ બાબતે એકબીજા સાથે હરીફાઈ ન કરવા અને શાંતિ જાળવવા જણાવવામાં આવ્યું હતું. સાથે જ, સોશિયલ મીડિયા પર કોઈપણ પ્રકારની ખોટી અફવાઓ કે ભ્રામક માહિતી ન ફેલાવવા માટે પણ પીઆઈ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુગારના છ દરોડામાં મહિલાઓ સહિત ૩૬ પત્તાપ્રેમીઓ ઝડપાયાઃ પાંચ શખસો ફરાર

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસે જુગારની અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ હાથ ધરી ભાણવડ, કલ્યાણપુર, મીઠાપુર, દ્વારકા અને ખંભાળિયા સહિતના વિસ્તારોમાંથી જુદા જુદા દરોડા દરમિયાન કુલ ૩૬ ઈસમોને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. ભાણવડ નજીક ગરાસ સીમમાં વાડીના મકાનમાં ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડી ભરત, રમેશ, કાનાભાઈ, સુમાત, દીપક, સુભાષ, રાજા અને દિલીપ નામના આઠ શખ્સોને ઝડપી લઈ રૂ. ૨,૪૨,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આ ઉપરાંત, ભાણવડ તાલુકાના વિજયપુર વાડી વિસ્તારમાં એલસીબી પોલીસે દરોડો પાડી રાહુલ, કિશોર ઉર્ફે બબુ, દૂદાભાઈ, વજસી, પુના, નાસીરભાઈ અને ગુલામમામદ ઉર્ફે ગુલો નામના સાત શખ્સોને રૂ. ૨,૪૦,૦૫૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા, જ્યારે અનિલ નામનો શખ્સ નાસી છૂટ્યો હતો.

અન્ય કાર્યવાહીઓમાં, કલ્યાણપુર પોલીસે માલદે, અરજણ, બળદેવ, ગોવિંદ, રાયદે અને સંજય સામે કાર્યવાહી કરી રૂ. ૮,૬૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મીઠાપુરમાં પોલીસે દરોડો પાડી બિંદુબેન, કોમલબેન, બ્રિજરાજસિંહ, ઋતુરાજસિંહ અને સહદેવસિંહને રૂ. ૧૮,૧૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. દ્વારકા પોલીસે ચરકલા ગામે મંદિર પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા દીપકસિંહ, રઘુવીરસિંહ, વનરાજસિંહ, રણજીતસિંહ, બ્રિજરાજસિંહ, ખોડુભા ઉર્ફે ધર્મેન્દ્રસિંહ અને સંજયસિંહ સામે કાર્યવાહી કરી રૂ. ૨૭,૪૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. ખંભાળિયા પોલીસે ગોલણ શેરડી ગામેથી નાથા, રમેશભાઈ અને દેસુરભાઈને રોકડ સાથે ઝડપ્યા હતા, જ્યારે ભાવેશભાઈ, ભાવેશ, હાજા, વજા અને રાણા નામના શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

## જામનગરમાં જુગારમાં તોડના આક્ષેપ સબબ બે પોલીસકર્મી સસ્પેન્ડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર જકાતનાકા વિસ્તારમાં આવેલ કુમકુમ એપાર્ટમેન્ટના ચોથા માળે ચાલતા જુગારધામ પર જામનગર પોલીસની '૧૧૨' નંબરની પીસીઆર વાનના જવાનોએ દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન જવાનોએ રૂ. ૩૫ હજારનું સેટલમેન્ટ કરી લીધું હોવાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. એસપીએ ફરજમાં બેદરકારી દાખવનારા બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

તોડકાંડ કરનાર પોલીસકર્મીઓ સામે તપાસનો આદેશ કર્યો છે. આ પ્રકરણમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓને તપાસ સોંપવામાં આવી છે. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા દ્વારા તાત્કાલિક ધોરણે સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. ઘટના સ્થળ અને તેની આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ કબજે કરીને ચકાસણી કરવામાં આવી રહી છે.

જેથી સેટલમેન્ટની કડીઓ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ૨૫ કરોડના ખર્ચે ૨૨૦ આવાસનું ખાતમુહૂર્ત


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ શહેરી અંતર્ગત નાગરિકો માટે સુવિધાજનક આવાસના પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ઈસ્કોન મંદિર સામે જામનગર-રાજકોટ હાઈવે પાસે મંજૂર થયેલા કુલ ૫૮૪ આવાસો પૈકી પ્રથમ તબક્કાના અંદાજીત ૨૫ કરોડ નાં ખર્ચે ઊઠજ -૨ પ્રકાર નાં ૨૨૦ આવાસોના નિર્માણ કાર્યનું ભવ્ય ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, સાંસદ પૂનમબેન માડમ તેમજ મહાનગરપાલિકાના અન્ય પદાધિકારીઓ સહિત મ્યુનિસિપલ સભ્યો અને કમિશનર દિપેશ કેડીઆ, નાયબકમિશનર ડી.એ.ઝાલા, સીટી એન્જીનીયર બી. એન. જાની , આસી. કમિશનર એમ .બી. વરણવા, કાર્યપાલક ઈજનેર એચ. વી. પાઠક વિ. અધિકારીઓ અને આવાસ યોજનાઓ નાં અરજદાર ઉપસ્થિત રહ્યાં હતા.

આ આવાસો માત્ર નવ લાખ ની વાજબી કિંમત માં તમામ આંતર માળખાકીય સગવડો સાથે આકર્ષક એલીવેશન ના નિર્માણ પામશે જેમાં હજુ પણ અરજીઓ કરવા માંગતા તમામ લોકોને વધુ માહિતી માટે જામનગર મહાનગરપાલિકા , સ્લમ હાઉસિંગ શાખા, ચોથો માળ પર રૂબરૂ મુલાકાત લેવા અનુરોધ કેલર છે

## જામનગરના આર્મી એરીયામાં અજાણ્યા શખ્સે સરકારી મિલ્કતને નુકસાન પહોંચાડ્યુ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સિંધ ગેટ આર્મી એરિયામાં અજાણ્યા શખ્સે લોખંડના તારની ફેન્સિંગ તોડી સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાનો કિસ્સો સામે આવતા સીટી 'એ' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આર્મીમાં નાઇક સુબેદાર તરીકે ફરજ બજાવતા મુરગન રામસ્વામી તેમની ક્યુ.આર.ટી. (કવિક રિસ્પોન્સ ટીમ) સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે ૨૭ મદ્રાસ વિસ્તારમાં પીલર નંબર ૧૩૧ ની બંને બાજુ આશરે પાંચ-પાંચ મીટર જેટલી લોખંડની જાળી તૂટેલી હાલતમાં મળી આવી હતી. અજાણ્યા શખ્સ દ્વારા કરાયેલા આ કૃત્યથી આર્મી એરિયાની સરકારી મિલકતને અંદાજે રૂ. ૧૫ હજારનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું હતું. નાઇક

અનુ પાના નં.૨ પર

# જામનગર પત્રકાર મંડળના સભ્યોના પરિવાર માટે નેત્રનિદાન કેમ્પ યોજાયો

**સમય સંદેશઃ જામનગર**

નેત્રદીપ મેક્સિવિઝન આઇ હોસ્પિટલ - જામનગર દ્વારા પત્રકારોના સ્વાસ્થ્ય અને આંખની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જામનગર પત્રકાર મંડળના સભ્યો માટે એક વિશેષ 'આઇ અવેરનેસ પ્રોગ્રામ' તથા નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં નિષ્ણાત તબીબો દ્વારા ઉપસ્થિત પત્રકાર મિત્રોને આંખની યોગ્ય જાળવણી, વાંચનની સાચી પદ્ધતિ, તેમજ કમ્પ્યુટર અને મોબાઈલ સ્ક્રીનથી આંખોને થતા નુકસાન અને તેના વહેલા નિદાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સાથે આંખના સામાન્ય રોગો અને તેના બચાવ વિશે જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં ઉપસ્થિત તમામ સભ્યોને હોસ્પિટલ તરફથી વિશેષ 'ફેમિલી હેલ્થ કાર્ડ' અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્ડ હેઠળ પત્રકાર પરિવારના કુલ ૪ સભ્યો નેત્રદીપ મેક્સિવિઝન આઇ હોસ્પિટલની જામનગર બ્રાન્ચ ખાતે નિઃશુલ્ક આંખ તપાસની સુવિધા મેળવી શકશે. કાર્યક્રમમાં પત્રકાર મંડળ ના પ્રમુખ ધર્મેન્દ્ર ભાઈ રાવલ, ઉપ પ્રમુખ સંજયભાઈ આઈ.જાની, મંત્રી કિંજલ કારસરિયા,ડો.ચીનમન રંગાણી (આઇ સર્જન) નેત્રદિપ મેકિસ વિઝન આઇ હોસ્પીટલ - જામનગર. રાજ શીશાંગીયા માર્કેટિંગ મેનેજર - નેત્રદિપ મેકિસ વિઝન આઇ હોસ્પીટલ - જામનગર અને પત્રકારો ઉપસ્થિત રહયા હતા,કાર્યક્રમને સફળ બનાવવા માટે નેત્રદીપ મેક્સિવિઝન હોસ્પિટલની ટીમ તથા જામનગર પત્રકાર મંડળના હોદ્દેદારો અને સભ્યોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.


તસવીરઃ હિરેન ગાંધી





# વરસાદની આગાહી વચ્ચે જામનગર મનપાને રોડ ખોદવાનું મુહૂર્ત મળ્યું!

## અત્યાર સુધી કામ શરૂ કરવાની ફૂરસદ નહોતી, હવે વરસાદી માહોલ વચ્ચે મોડી રાત્રે ૧૧ વાગ્યેની આસપાસ ખોદકામ શરૂ

### ગણપતિ ઉત્સવ મનાવાય છે તે રસ્તાની આ પરિસ્થિતિથી લોકોમાં ભારોભાર રોષ

હાલ ગણેશોત્સવ શરૂ થયો છે. તેવામાં આ વિસ્તારમાં ગણેશોત્સવ છેલ્લા ઘણા વર્ષોથી ઉજવવામાં આવે છે. ત્યારે તેના આગળની રાત્રે જ વિસ્તારમાં આ ખોદકામ કરવાથી દર્શનાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. તો આ રસ્તે જ મોટી હવેલી સહિત ધાર્મિક સ્થળો પણ છે. ત્યારે મનપા આ વિચારી ને કેમ નહીં કરતી હોય તેવા પણ સવાલો છે.

### રાત્રિના સમયે મશીનરીના કર્કશ અવાજથી લોકો ભારે પરેશાન

સ્થાનિક લોકોમાં એવી પણ ચર્ચા છે કે રાત્રિના સમયે મશીનરીથી ખોદકામ શરૂ કરવાથી અવાજના કારણે આસપાસના રહેવાસીઓને પરેશાની થઈ હતી. ત્યારે કામ શરૂ કરતાં પહેલાં સ્થાનિકોની સુવિધા અને ટ્રાફિક વ્યવસ્થાનું ધ્યાન રાખવામાં આવ્યું કે નહીં તે પણ તપાસનો વિષય બન્યો છે.

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરમાં વરસાદની આગાહી વચ્ચે જામનગર મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. અત્યાર સુધી વરસાદ ન હતો અને વરસાદની આગાહી પણ નહોતી ત્યારે જે રોડનું કામ શરૂ કરવામાં આવ્યું નહોતું, તે જ કામ હવે વરસાદી માહોલ સર્જાતા અને વરસાદી ઝાપટાં પડ્યા બાદ શરૂ કરવામાં આવતા તંત્રની કામગીરીની સમયસૂચકતા સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે.

જામનગરમાં હાથીભાઈ શાસ્ત્રીની શેરી,મોટી હવેલી અને કાજીનો ચકલો વિસ્તારમાં રોડ પર રાત્રિના સમયે ખોદકામ શરૂ કરવામાં આવ્યું હતું.જ્યારે હજુ તેની બીજી બાજુ મામા સાહેબના મંદિર થી આણદાબાવા ચકલા સુધીનો રોડ હજુ ખોદકામ કરેલી જ સ્થિતિમાં છે. વારંવાર અરજી કરી હોવા છતાં પણ કોઈ નિવારણ આવ્યું નથી.તથા આશ્ચર્યની વાત એ છે કે રાત્રિના અંદાજે ૧૧:૩૦ વાગ્યાના સમયે મશીનરી દ્વારા રોડ ખોદવાનું કામ શરૂ થતાં ભારે અવાજથી આસપાસના રહેવાસીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોવાની રાવ ઉઠી છે.





તસવીરઃ હિરેન ગાંધી

રાત્રિના સમયે રહેણાંક વિસ્તારમાં આ પ્રકારનું કામ શરૂ કરવાની જરૂરિયાત અને સમય પસંદગી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે.

એક તરફ હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી રહી છે અને શહેરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ રોડ ખોદવાની કામગીરી શરૂ થતાં સ્થાનિક લોકોને આવનારા દિવસોમાં વધુ હાલાકી ભોગવવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

### 'જામ્યુકો'ના તંત્રને સો મણનો સવાલ વરસાદી ઝાપટા બાદ જ કામગીરી કેમ?

સવાલ એ છે કે જ્યારે હવામાન સામાન્ય હતું અને વરસાદની કોઈ ખાસ આગાહી નહોતી ત્યારે આ કામગીરી કેમ શરૂ કરવામાં આવી નહીં? અને હવે જ્યારે વરસાદની આગાહી વચ્ચે વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે, ત્યારે જ રોડ ખોદવાનું કામ શરૂ કરવાની જરૂર શા માટે પડી? શું મનપાના જવાબદાર તંત્ર પાસે કામગીરી માટે યોગ્ય સમયનું આયોજન નથી?

### મનપાના પદાધિકારીઓ ધ્યાન રાખે છે કે કેમ તે પણ મોટો સવાલ

આ સમગ્ર મામલે વધુ એક સવાલ એ છે કે મનપાના આ વિસ્તારના પદાધિકારીઓનું આ કામગીરી તરફ ધ્યાન છે કે નહીં? જો ધ્યાન છે તો વરસાદની આગાહી વચ્ચે રોડ ખોદવાનું કામ શરૂ કરવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી? અને જો ધ્યાન નથી, તો પછી સ્થાનિકોની સમસ્યાઓ કોણ સાંભળશે? હવે જો આગામી દિવસોમાં વરસાદના કારણે ખોદાયેલો રોડ બિસ્માર થાય, અવરજવર અટવાય અથવા લોકોને હાલાકી પડે તો તેની જવાબદારી કોની રહેશે? વરસાદ પહેલાં કામ પૂર્ણ કરવાની જગ્યાએ વરસાદ વચ્ચે રોડ ખોદવાની આ કામગીરી મનપાના આયોજન સામે જ સવાલ ઊભા કરી રહી છે.

# જામનગર નજીક દરેડમાં સગીરની હત્યા કેસમાં ચાર આરોપીઓને ઝડપી જેલધકેલ કરવા પંચકોશી-બી પોલીસની કાર્યવાહી

## ધોકા વડે માર મારી ૧૭ વર્ષના તરૂણને મારી નાખવા અંગે ગુન્હો નોંધાયા બાદ ચારેય આરોપીઓની ધરપકડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક આવેલા દરેડ વિસ્તારમાં ૧૬ વર્ષીય સાગર રમેશભાઈ ખરા નામના સગીરની હત્યાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. મૃતક સાગરને સ્થાનિક એક સગીરા સાથે પ્રેમસંબંધ હોય, જેની જાણ સગીરાના પરિજનોને થઈ ગઈ હતી. આ બાબતની ખાર રાખી આરોપીઓએ પ્રેમિકાના મોબાઈલ ફોનમાંથી સાગરને મેસેજ મોકલી સવારના આશરે નવ વાગ્યાના સુમારે પોતાના ઘરે બોલાવ્યો હતો.

સાગર પ્રેમિકાને મળવાની આશાએ ઘરે પહોંચતા જ પૂર્વ આયોજિત ષડયંત્ર મુજબ આરોપી દિનેશ જેઠાભાઈ ગોહીલ, તેનો ભાઈ જગદિશ જેઠાભાઈ ગોહીલ, રામકેશ ઉર્ફે પિન્ટુ પ્રેમનારાયણ પ્રજાપતિ અને અભિ અગ્રાવતે તેને પકડી લીધો હતો. આ ચારેય શખ્સો સગીરને ઘરના ઉપરના માળે ઢસડી ગયા હતા અને




તસવીરઃ હિરેન ગાંધી

તેના પર ધોકા વડે બેફામ હુમલો કર્યો હતો. ગંભીર માર માર્યા બાદ આરોપીઓએ બેભાન સાગરને ટીંગાટોળી કરી શેરીમાં ફેંકી દીધો હતો. ૧૦૮ ની ટીમે પહોંચી તપાસ કરતા સગીરને મૃત જાહેર કર્યો હતો.

આ બનાવ અંગે મૃતકના ભાઈ પીયુષ ખરાની ફરિયાદના આધારે પંચકોષી 'બી' ડિવિઝન પોલીસ મથકના પીઆઈ વી.જે. રાઠોડ અને તેમની ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ગણતરીની કલાકોમાં જ હત્યામાં સામેલ ચારેય આરોપીઓ – દિનેશ ગોહીલ, જગદિશ ગોહીલ, રામકેશ ઉર્ફે પિન્ટુ અને અભિ અગ્રાવતની ધરપકડ કરી લીધી છે. તમામ આરોપીઓને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવાની કામગીરી આગળ ધપાવવામાં આવી છે. જામનગર નજીક આવેલા દરેડ વિસ્તારમાં બનેલા સગીર વયના કિલિન્દ નામના

અનુ પાના નં.૨ પર

# ભાણવડનાં ગરાસ ગામની સીમમાં જુગાર ક્લબ પર દરોડો : ૮ પકડાયા

## મોબાઈલ-બાઈક-રોકડ મળી રૂા.૨.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ નજીક આવેલી ગરાસ સીમમાં ભરત કરંગીયાની વાડીમાં આવેલ રહેણાંક મકાનમાં ધમધમતી જુગારની ક્લબ પર ભાણવડ પોલીસે દરોડો પાડી આઠ શકુનીઓને પત્તા ટીચતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા અને ડીવાયએસપી મીત રૂદલાલની સૂચના મુજબ પીઆઈ વી.કે. કોઠીયા અને ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. ઘટનાસ્થળેથી પોલીસે તીન



પત્તીનો જુગાર રમતા ભરત, કાના, સુમાત, દિપક, સુભાષ, રાજા, દિલીપ અને રમેશ નામના આઠેય આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ દરોડા દરમિયાન પોલીસે અખાડામાંથી રોકડ રૂ. ૭૪,૦૦૦, રૂ. ૬૩,૦૦૦ ની કિંમતના ૮ નંગ મોબાઈલ અને રૂ. ૧.૦૫ લાખની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાંથી જુગાર રમતા કુખ્યાત સહિત પાંચ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરની ખોડીયાર કોલોની વિસ્તારમાં જૂની પોસ્ટ ઓફિસ પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે ઘોડી-પાસા ફેંકી જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે સીટી-સી ડિવિઝન સર્વેલન્સ ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી પાંચ શખ્સોને જુગાર રમતા ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂ.૩૭,૯૫૦ તથા ઘોડી-પાસા સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓ અગાઉ પણ અનેક વખત પોલીસ ચોપડે ચડી



તસવીરઃ હિરેન ગાંધી

ચૂક્યાનું ખૂલ્યું છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે સર્વેલન્સ ટીમે કાર્યવાહી કરી હતી. પોલીસે જીતેન્દ્રસિંહ જગતસિંહ રાઠોડ (રહે. ખોડીયાર કોલોની, જુની પોસ્ટ ઓફીસ પાસે, બ્લોક નં.૧૪૯, જામનગર), બીપીન ઉર્ફે લાકડી કારાભાઈ મુછડીયા (રહે. સંત કબીર આવાસ, એ વિંગ રૂમ નં.૨૧૨, જામનગર) અને વિશાલ સુરેશભાઇ પરીયાણી (રહે. રણજીતનગર જુનો હુડકો બ્લોક નં.૧૧૧૪, જામનગર), દિવ્યરાજસિંહ ગુણવતસિંહ જેઠવા (રહે.જુના આવાસ કોલોની, બ્લોક નં.૨૬ રૂમ નં.૦૪, જામનગર) તેમજ ડાડુભાઇ કરણાભાઇ ભાટીયા (રહે. દિજામ સર્કલ પાસે, વુલનમીલ ફાટક પાસે, જામનગર) ને પકડી પાડ્યા હતા

પકડાયેલા શખ્સોમાંથી કેટલાક

અનુ પાના નં.૨ પર

# કલ્યાણપુરનાં રાવલ ગામે વિજ કરંટથી યુવાનનું મોત

## લાલપુરના નવાગામમાં ઈલેક્ટ્રીક મોટરમાંથી શોક લાગતા મહિલાનું મોત

**સમય સંદેશઃ કલ્યાણપુર/ લાલપુર**

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે રહેતા રમેશ રાયદેભાઈ ગામી નામના યુવાને એક આસામીની વાડીમાં વાવેતર કરેલી મગફળીનું રક્ષણ કરવા માટે કોઈપણ પ્રકારની દરકાર કર્યા વગર કે કોઈપણ જાતની ચેતવણી રૂપ બોર્ડ કે નિશાન રાખ્યા વગર ધાતુના તાર ફીટ કર્યા હતા.

આ તારમાં ઈલેક્ટ્રીક પાવર આવતો હોવાથી કોઈપણ વ્યક્તિ કે પશુનું મૃત્યુ થઈ શકે એવું જાણતા હોવા છતાં પણ તેમણે ધાતુના તાર બાંધી અને તેમાં ઈલેક્ટ્રીક પાવર ચાલુ રાખ્યો હતો. આ વચ્ચે શનિવારે રાવલ ગામના મોહનભાઈ પુંજાભાઈ વાઘેલા નામના ૩૭ વર્ષના યુવાન અહીં ઈલેક્ટ્રીક પાવર વાળા તારને અડકી જતા તેમને જોરદાર વિજ કરંટ લાગવાના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ રામશીભાઈ પુંજાભાઈ અરજણભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫) ની ફરિયાદ પરથી કલ્યાણપુર પોલીસે રમેશ રાયદેભાઈ ગામી સામે બી.એન.એસ.ની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાગામમાં પીયુષભાઈ મોઢવાડીયાની વાડીમાં રહેતા અને મજુરી કામ કરતા મધ્યપ્રદેશના વતની બારકુબાઈ મહેશભાઈ ચૌહાન (ઉ.વ.૨૯) નામની મહિલા ગત તા.૨૫ના રોજ વાડીએ પાકમાં પીયત કરવા માટે ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરવા ગયા હતા.

આ દરમિયાન અકસ્માતે વીજ ચોક લાગતા ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. જે અંગે મહેશભાઈ ચૌહાનએ પોલીસમાં જાહેર કરતા વી.સી. જાડેજાએ લક્ષ્મણભાઈ કબજો સંભાળીને એએસઆઈ મૃતદેહનો પીએમ માટે મોકલી દીધો હતો.

# જામનગરના સુભાષબ્રિજ નજીક પાનની દુકાનમાં ધોકાવાળી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સુભાષબ્રિજ નજીક બજરંગ પાનની દુકાનમાં ઘૂસી યુવક પર લોખંડના પાઇપ વડે હુમલો કરી હાથ-પગમાં ગંભીર ઇજા પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. યુવાન ગણેશજીના પંડાલમાં મંડપ બાંધવાનું કામ કરી રહ્યો હતોં આ દરમિયાન આરોપીઓએ ગાળાગાળી કરી હુમલો કરતા યુવાન દોડીને બાજુની દુકાનમાં પહોંચ્યો હતો. આ વેળાએ આરોપીઓએ દુકાનમાં ઘૂસી યુવક પર હુમલો કરી ફ્રેક્ચર જેવી ઇજા કરતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવતા ચકચાર મચી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, તા.૧૩ સપ્ટેમ્બરની રાત્રે સ્કાયલાઇટ એપાર્ટમેન્ટમાં રહેતા સાગર દિલીપભાઈ ચૌહાણ ગણેશજીના મંડપ બાંધવાનું કામ કરી રહ્યા હતા. દરમિયાન નિમીષ ઉર્ફે કારાજી, રઈશ ઉર્ફે સલીમ સહિત પાંચ શખ્સો ત્યાં આવ્યા હતા અને સાગરભાઈ સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. ત્યારબાદ લોખંડના પાઇપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાથી બચવા સાગર બજરંગ પાનની દુકાનમાં જતા આરોપીઓએ દુકાનમાં ઘૂસી જઈ તેમના જમણા હાથ તથા પગ પર લોખંડના પાઇપ વડે આડેધડ માર માર્યો હતો. હુમલામાં હાથ અને પગમાં ગંભીર ઇજા તેમજ ફ્રેક્ચર જેવી ઇજા પહોંચી હતી. દરમિયાન સાગરભાઈને બચાવવા વચ્ચે પડેલા તેમના મિત્રને પણ લોખંડના પાઇપ વડે માર મારવામાં આવતા ડાબા હાથમાં ઇજા થઈ હતી. બનાવ

અનુ પાના નં.૨ પર

# જામનગરના હાલાર હાઉસ નજીક ઝેરી દવા પી મહિલાનો આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના હાલાર હાઉસ નજીક આવેલા સ્ટાર એપાર્ટમેન્ટના ઈ-૧૦૪માં રહેતા મીનાબેન રમેશભાઈ ગરસાણીયા (ઉ.વ.૩૨)એ તા.૧૩ સપ્ટેમ્બરના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવાની અસર થતા પરિવારજનો દ્વારા તેમને સારવાર માટે ખસેડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, પરંતુ તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મીનાબેનના પતિ રમેશભાઈ બાબુભાઈ ગરસાણીયાએ પોલીસમાં બનાવ અંગે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી મહિલાએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે તપાસ શરૂ કરી છે.

# લાલપુરના નવાગામમાંથી બે લાખના સામાનની ચોરી

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાગામ ખાતે ખાનગી કંપનીના એરિયામાંથી રૂ.૨.૦૬ લાખનો સામાન ચોરાયાની ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ સ્થળ આજુબાજુના સીસિટીવીનાઆ આધારે આરોપીની શોધખોળ હાથ ધરી છે. ગ્લાસ ફેક્ટરી વિભાગમાં ત્રાટકેલા તસ્કરો સબસ્ટેશનમાંથી ધાતુની પ્લેટો, ક્લેમ્પ, ગ્લાન્ડ અને લાઇટ સહિતનો મુદ્દામાલ ઉસેડી જતા તપાસ શરૂ કરાઇ છે.

લાલપુરના નવાગામની સીમમાં આવેલી ખાનગી કંપનીના ડીપી-૦૨ના સબસ્ટેશન નં.૩માંથી એકાએક વિવિધ ધાતુની પ્લેટો સહિતનો સામાન ગાયબ હોવાનું ધ્યાને આવતા જામનગરની પંચવટી સોસાયટીમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની અને કંપનીમાં નોકરી કરતા શિવમકુમાર પ્રભાષસિંહ રાજપુત (ઉ.વ.૨૯)એ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

તા.૧૦/૦૭/૨૦૨૬ ના થી તા.૧૨/૦૯/૨૦૨૬ ના સમયગાળા દરમિયાન ખાબકેલા આરોપીઓ ૧૨૪૦ એમએમની આશરે ૧૫ કિલો વજનની ચાર પ્લેટ, ૧૦૧૦ એમએમની ૧૧ કિલો વજનની ચાર પ્લેટ, ૭૮૦ એમએમની આશરે ૯ કિલો વજનની બે પ્લેટ મળી રૂ.૯૧ હજારની ૧૦ પ્લેટ, ઉપરાંત એસએસયુ ક્લેમ્પ ૩૦, એસ.એસ.એમ. ગ્લાન્ડ ૩૦ તથા બજાજ હાઈવે ૧૨૦ વોલ્ટની આઠ લાઈટ સહિત કુલ રૂ.૨.૦૬ લાખનો સામાન ચોરી ગયાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com